# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલીસબ્રીજ, અમદાવાદ – ૩૮૦૦૦૬

ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩, ૨૬૫૭૮૧૬૧, ૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯

**Web : www.incgujarat.com** **E-mail : gpcc1234@gmail.com**


તા. ૦૫.૦૬.૨૦૨૫

અખબારી યાદી

- લોકસભામાં આપેલ માહિતી મુજબ ગુજરાત રાજ્યના જંગલોની ૧૩૦૦૮.૧૧૯ હેક્ટર (૧૩૦૦૮૧૧૯૦ ચોરસ મીટર) જમીન ઉપર દબાણ છે, દાદાનું બુલડોઝર કયારે ફરશે ?
- લોકસભામાં આપેલ માહિતી મુજબ ગુજરાત રાજ્યની સરકારે જંગલોની ૩૭૨૫.૯૫ હેક્ટર (૩૭૨૫૯૫૦૦ ચોરસ મીટર) ને ખાનગી કોમર્શિયલ પ્રોજેક્ટ્સને આપી દીધી છે.
- ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડમાં ૨૬૦ જગ્યાઓ ખાલી છે, ૬૦% થી વધુ જગ્યાઓ ખાલી પડી છે.
- કેન્દ્ર સરકારની નગર વન યોજનાના ૧૦૦ દિવસ એક્શન પ્લાન હેઠળ ૭ રાજ્યોમાં ૧૩૪.૦૧ કરોડના ૧૧૧ પ્રોજેક્ટ્સ આપવામાં આવ્યા છે તેમાં ગુજરાતનો સમાવેશ નથી.

આજરોજ રાજીવ ગાંધી ભવન ખાતે પ્રેસવાર્તા સંબોધતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા પાર્થિવરાજસિંહ કઠવાડીયાએ સવાલ ઊભો કર્યો છે કે પર્યાવરણ દિન મનાવતી ભાજપ સરકારને ખરેખર પર્યાવરણ ચિંતા છે ખરી? લોકસભામાં પ્રસ્તુત જવાબો સરકારની પર્યાવરણ અંગે કેટલી ગંભીર છે તેની હકીકત છતી કરે છે. ગુજરાત રાજ્યના જંગલોની ૧૩૦૦૮.૧૧૯ હેક્ટર (૧૩૦૦૮૧૧૯૦ ચોરસ મીટર) જમીન ઉપર દબાણ છે. દાદાના બુલડોઝર વાહવાહી લૂંટવામાં વ્યસ્ત છે ત્યારે વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે દબાણ હેઠળના જંગલો દાદાને ધ્યાનમાં નથી આવતા? કોના દબાણો કેમ હટાવવામાં નથી આવતા? ગુજરાત રાજ્યનું સરકારએ જંગલ માટે પ્રેમ હતો તો જંગલોની ૩૭૨૫.૯૫ હેક્ટર (૩૭૨૫૯૫૦૦ ચોરસ મીટર) ને ખાનગી કોમર્શિયલ પ્રોજેક્ટ્સને કેમ આપી દીધી છે? જંગલના હકદાર આદિવાસીઓ જંગલની જમીન થી વંચિત રહે અને જંગલો ઉપર દબાણ થઈ જાય, ખાનગી ઉદ્યોગોને આપી દેવામાં આવે તે ભાજપ સરકારનો કેવો પ્રકૃતિ પ્રેમ.

ગુજરાત રાજ્યમાં ૪૬૦૦ થી વધારે ફેક્ટરીઓ પર્યાવરણ માપદંડનું સંપૂર્ણ પાલન ના કરતી હોય ત્યારે સૌથી મોટી જવાબદારી ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડની હોય છે. ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડની સ્થિતિ દયનીય છે, માત્ર ૪૦ ટકા સ્ટાફ થી ચાલે છે. ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ જેમાં ૪૩૦ મંજૂર જગ્યા માંથી ૨૬૦ જગ્યાઓ ખાલી છે, ૬૦% થી વધુ જગ્યાઓ ખાલી પડી છે. ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ પાસે પૂરતો સ્ટાફ જ ના હોય તો પ્રદૂષણ કેમ રોકાય? જંગલ સુરક્ષિત ના હોય, પ્રદૂષણ રોકી શકે તેટલો સ્ટાફ ના હોય, તેવી પરિસ્થિતિમાં ભાજપ સરકાર પર્યાવરણ માટે કેટલી ગંભીર છે તે સ્પષ્ટ

દેખાય છે.  કેન્દ્ર સરકારની નગર વન યોજનાના ૧૦૦ દિવસ એક્શન પ્લાન હેઠળ ૭ રાજ્યોમાં ૧૩૪.૦૧ કરોડના ૧૧૧ પ્રોજેક્ટ્સ આપવામાં આવ્યા છે તેમાં ગુજરાતનો સમાવેશ નથી. પ્રધાનમંત્રી અને ગૃહમંત્રી ગુજરાતના હોય ત્યારે આવો હળહળતો અન્યાય કેમ?

ગુજરાતની ભાજપ સરકારને પર્યાવરણ અને પ્રકૃતિની બિલકુલ ચિંતા નથી, માત્ર કાગળો ઉપર પ્લાન મૂકીને વાહવાહી લૂંટવી, વૃક્ષારોપણના કાર્યક્રમોમાં ફોટો શોપ કરવા સિવાય સાચી દિશામાં કામ કરવામાં મૃદુ મક્કમ સરકાર સદંતર નિષ્ફળ નીવડી છે.

(પાર્થિવરાજસિંહ કઠવાડીયા)
પ્રવક્તા
મો. 9898134146